ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. 11-10-2022**

- **સિવિલ હોસ્પિટલમાં હજારો દર્દીઓ માટે જરૂરી સાયલન્ટ ઝોનમાં લાઉડ સ્પીકર સાથે કાર્યક્રમ કરવો કેટલે અંશે વ્યાજબી ?**

આરોગ્ય સેવામાં વધારો કરી એક પણ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર હોય કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની શરૂઆત થાય એ આવકારદાયક બાબત છે પરંતુ માત્ર જાહેરાતો- ઉત્સવો-તાયફાઓમાં કરોડો રૂપિયા વેડફતી ભાજપ સરકાર કેમ દર્દીઓનું વિચારતી નથી ? સિવિલ હોસ્પિટલમાં હજારો દર્દીઓ માટે જરૂરી સાયલન્ટ ઝોનમાં લાઉડ સ્પીકર સાથે કાર્યક્રમ કરવો કેટલે અંશે વ્યાજબી ? તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, એશિયા ખંડની સૌથી મોટી હોસ્પિટલ સિવિલને યુપીએ સરકારમાં તાત્કાલિક વડાપ્રધાનશ્રી ડૉ. મનમોહનસિંહનાં નેતૃત્વ હોસ્પિટલ અપગ્રેડ કરવા ૧૨૦૦ કરોડથી વધુ રકમ ફાળવવામાં આવી હતી. જેમાંથી વિવિધ પ્રકલ્પો, આધુનિક સાધનો,ડિપાર્ટમેન્ટ બનાવી આરોગ્ય સુવિધાઓ વધે તે માટે કામગીરી કરવામાં આવી. તાજેતરમાં નીતનવા પ્રકલ્પોનાં ઉદ્ઘાટનમાં છેલ્લા બે દિવસથી સલામતીનાં નામે દર્દીઓને બાનમાં લીધા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. એક એમ્બ્યુલન્સને રસ્તો આપી વાહવાહી લુંટતા વડાપ્રધાન પોતાના બે કલાકના કાર્યક્રમને કારણે માત્ર સિવિલમાં જ એક દિવસમાં 36 પ્લાન્ડ સર્જરી રદ કરવામાં આવી તેમજ જુદા જુદા વિભાગોમાં 50 થી વધુ ઓપરેશનો સ્થગીત કરાયા અને 150થી વધુ ઇમરજન્સી દર્દીઓને દાખલ કરવાની વ્યવસ્થા ખોરવાઈ હતી. સિવિલમાં દાખલ થયેલા દર્દીઓ તકલીફમાં હોય વધુમાં હોસ્પિટલની મુલાકાત અને ભાષણનાં કાર્યક્રમેં 'પડ્યા પર પાટુ' જેવી સ્થિતિને કારણે મોટી હાલાકી ભોગવી પડી હતી. બીમારીથી પીડાતા દર્દીઓ સિવિલ કેમ્પસમાં રઝળતા રહ્યા, કેમ્પસનાં તમામ ગેટ બંધ કરવામા આવ્યા, પ્રાઇવેટ વાહનોનો પ્રવેશ બંધ કરાયો, જેના ક્રિટિકલ દર્દીઓ તેમજ તેમના સાગા સંબધીઓને પારાવાર તકલીફ ભોગવવી પડી હતી

સિવિલમાં દર્દીઓનાં વાહનો ટોઇંગ કરાય તેની જવાબદારી કોની? સિવિલ કેમ્પસનાં માત્ર એક નાનકડા ભાગમાં પીએમનાં કાર્યકમમાં સમગ્ર સિવિલ હૉસ્પિટલને બાનમાં લેવામાં આવી તે કેટલે અંશે વ્યાજબી? સાઇલેન્ટ ઝોનમાં લાઉડસ્પીકર સાથે કાર્યક્રમ કરવામાંની પરમિશન કેવી રીતે મળી? શું તમામ નીતિ નિયમો વિપક્ષની અવાજ દબાવવા માટે જ હોય છે? શું પ્રધાનમંત્રી કાયદા-નીતિ નિયમોથી પર છે? હાર્ટ વિભાગમાં દાખલ દર્દીઓ, બાળ વિભાગમાં દાખલ ભૂલકોઓ, વૃદ્ધ- વડીલ દર્દીઓને પડેલી હાલાકી-મુશ્કેલીઓ માટે જવાબદાર કોણ? આરોગ્ય સંસ્થા જેવા સાઇલન્ટ ઝોનમાં કાર્યક્રમ કરવો એ ચિંતાનો વિષય છે.

(ડૉ. મનિષ દોશી)
મુખ્ય પ્રવક્તા